આપણે આધ્યાત્મિક સંસ્કૃતિના વારસદારો છીએ. આપણે સંતો-મહંતો, ઋષિઓ અને શાસ્ત્રોના માણસો છીએ. આપણે ભારતીયો છીએ. આપણને ભારતીય હોવાનો ગર્વ છે.

- આપણે દાન-ધર્મ અને પુણ્યના માણસો છીએ. આપણને અતિથિ દેવોભવ, માતૃદેવોભવ અને પિતૃદેવોભવ જેવાં સંસ્કારો ગમે છે. આપણે વાર-તહેવાર, ઉજવણીઓ અને દેવ-દર્શનના માણસો છીએ.
- આપણે ઈશ્વરમાં માનનારા અને ઈશ્વરથી ડરીને ચાલનારા માણસો છીએ.
- મારા લોહીમાં મારા માતાપિતાના સંસ્કાર અને મારા વતનની યાદ અને સંસ્કૃતિ હજી અકબંધ અને સલામત છે.
- મારા ધર્મ અને મારા ધાર્મિકતા માટે મને ગૌરવ છે. હું ઇચ્છું છું કે, મારાં સંતાનો અને મારાં પૌત્રો-પૌત્રીઓ અમેરિકામાં રહીને પણ આપણાં સંસ્કાર - સંસ્કૃતિ, આપણો ધર્મ અને આપણી પરંપરાઓ સાચવી રાખે.

- દરેક માબાપ, દરેક દાદા-દાદી એવું ઇચ્છે છે કે એમનાં સંતાનો સંસ્કારી બને, અને એમના સંતાનો ભારતીય મૂલ્યો, ભારતીય આદર્શો અને પરંપરાઓ સાચવી રાખે.
- આ દિશામાં ગુજરાતી વડીલો ચિંતિત પણ છે! પરંતુ આ શક્ય છે કે કેમ, આમ થશે કે કેમ એ તો માત્ર 'સમય' જ કહેશે!
- આવતીકાલે શું થવાનું છે એ કોઈ જાણતું નથી.
- મહત્ત્વની બાબત એ છે કે હું જે સંસ્કાર અને સંસ્કૃતિની વાત કરું છું એ સંસ્કાર અને સંસ્કૃતિ છે શું?

સંસ્કાર અને સંસ્કૃતિ પરસ્પર સંકળાયેલાં છે. દરેક સંસ્કૃતિને પોતાનો ઇતિહાસ હોય છે, એટલે એ સંદર્ભમાં બે સંસ્કૃતિની સરખામણી ના થઈ શકે. કોઈ સંસ્કૃતિ સારી કે ખરાબ પણ ના કહી શકાય.

દરેક સંસ્કૃતિ પોતપોતાના સ્થાને સારી જ છે!

દરેક સંસ્કૃતિને પેઢી દર પેઢી ચાલતા વ્યવહારો હોય છે. એ વ્યવહારો કાયમી હોય છે અને સદીઓ સુધી ટકે છે. બાહ્ય અને ઔપચારિક વ્યવહારો કાળક્રમે બદલાયા કરે છે. આ વ્યવહારોમાં ખોરાકની ટેવો, સામાજિક ઉજવણીઓ, ધર્મ અને ધાર્મિક માન્યતાઓ અને નૈતિકતા, સાત્ત્વિકતા અને

આધ્યાત્મિકતાના ખ્યાલોનો સમાવેશ થાય છે.

અમેરિકન સમાજનું માળખું લોભામણું છે. અમેરિકન સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો ભારતીય સંસ્કૃતિ કરતાં ખૂબ જ જુદાં છે. ખરાબ છે એવું નહીં, પણ જુદાં છે એમ કહેવું જોઈએ કારણ કે કોઈપણ બીજી સંસ્કૃતિને ખરાબ કહેવી અને સરખામણીમાં મારી સંસ્કૃતિને ઉત્તમ કહેવી, એના પર 'ખરાબનો સિક્કો' મારવો એ પૂર્વગ્રહ અને અજ્ઞાન સૂચવે છે. તફાવતો પ્રત્યે ખુલ્લા ન હોવાની અને એ તફાવતો પ્રત્યે અસંવેદનશીલ હોવાની બાબત સૂચવે છે. આ સમાજ અને સંસ્કૃતિનાં કેટલાંક અદ્વિતીય લક્ષણો છે કે જે ભારતીય સંસ્કૃતિ કરતાં પણ આગળ છે, અને એટલે જ તો મેં અહીં રહેવાનું નક્કી કર્યું છે.

બીજી મહત્ત્વની બાબત એ છે કે જો અમેરિકન સમાજ અને સંસ્કૃતિ મારી માન્યતાઓથી અલગ છે, ખરાબ છે, અને કદાચ મારાં માટે અણગમતી છે તો, મેં એ સંસ્કૃતિના ભાગ બનવાનું પસંદ કેમ કર્યું? મારી એ મહાન, આધ્યાત્મિક સંસ્કૃતિને તિલાંજલિ આપવાનું નક્કી કેમ કર્યું? અમેરિકન સમાજનું માળખું લોભામણું છે, લલચાવનારું છે. ઉત્તેજિત કરનારું છે, ભૌતિક સમૃદ્ધિને મહત્ત્વ આપનારું છે. સતત સ્પર્ધા અને સરખામણી છે. અજંપો અને અશાંતિ છે. આ સંસ્કૃતિ એનાં સંતાનોને ઝડપ, સફળતા અને હંમેશ આગળ રહેવાનું સૂચવે

છે. આ પ્રમાણે જીવવા માટે અહીં તકો અને સગવડો પણ છે (અત્યારે તો છે, ભવિષ્યમાં હશે કે કેમ એ તો ભગવાનને ખબર!) આ બધું હોવા છતાં, જરાક નિરાંતે જુઓ તો ચારેય બાજુ અસંતોષ, અધરાવો અને અશાંતિ પણ છે! (આપણે પણ આ બધાનો એક ભાગ બની ગયા છીએ.)

આ સંસ્કૃતિનો એક ભાગ બન્યા પછી, અમેરિકન નાગરિક બની ગયા પછી, મારાં બે ધ્યેયો છે :

(૧) મારાં સંતાનોમાં ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ સચવાઈ રહે, અને

(૨) હું અંગત રીતે સુખી થાઉં, સમૃદ્ધ થાઉં અને મને માનસિક શાંતિ મળે.

મારી ઇચ્છાઓ બદલાયા કરે. મારાં ધ્યેયો બદલાયા કરે. મારાં સંજોગો બદલાયા કરે, ને એ પ્રમાણે મારાં વ્યવહારો અને મારાં વર્તનો બદલાયા કરે.

પરંતુ ધર્મ-ધાર્મિકતા, નૈતિકતા, સાત્ત્વિકતા કે આધ્યાત્મિકતા સાથે સંકળાયેલા મારા વિચારો બદલાવા ના જ જોઈએ. (પરંતુ... બદલાયા છે!) આપણે ભારતીય સંસ્કૃતિનાં સંતાનો છીએ. આપણને આ બાબતોનું જ્ઞાન પણ છે. એ બધું મારામાં પડેલું છે. સંતો, મહંતો, જ્ઞાનીઓ પણ આજ વાતનું ઉચ્ચારણ કરે છે.

મને ખબર છે કે ધર્મ એટલે નૈતિક, સાત્ત્વિક, આધ્યાત્મિક વ્યવહાર. ધર્મ એટલે મારી માન્યતાઓ, મારાં સંસ્કાર પ્રમાણેના ચોખ્ખાં વ્યવહારો. ધર્મ એટલે જવાબદારીઓની નિભામણી. ધર્મ એટલે આત્મ-શિસ્ત અને આત્માની ઓળખ દ્વારા આત્માનું કલ્યાણ.

જો હું મારાં સંસ્કારો પ્રમાણે મારું જીવન નૈતિકતાથી, આધ્યાત્મિક, સાત્ત્વિકતાથી જીવતો નથી તો હું ધાર્મિક કે સંસ્કારી કેવી રીતે કહેવાઉં? અને જો મારું આચરણ અનૈતિક અને રાગી હોય તો મારી ભક્તિ, મારાં ક્રિયાકાંડ, મંદિરોના આંટાફેરા... એ બધું મારી જાતને છેતરવાની વાત થઈ, અને તો હું મારાં સંતાનોને સંસ્કારી કેવી રીતે બનાવવાનો? અને તો મને સુખ, શાંતિ કેવી રીતે મળવાનાં? બાહ્ય રીતે, દેખાડા પૂરતું એ બધું બરાબર લાગે પરંતુ મારાં અંતરાત્માનું શું?

સંસ્કૃતિનો પાયો નૈતિકતામાં છે. નૈતિકતા મારાં રોજબરોજના વ્યવહારો અને આચરણો દ્વારા અભિવ્યક્ત થાય છે. જો મારાં રોજબરોજનાં આચરણો નૈતિક નથી તો મારી એ મહાન સંસ્કૃતિ કેવી રીતે ટકવાની?

આપણે આપણાં સંતાનોને સંસ્કારી અને આપણી સંસ્કૃતિના વારસદાર બનાવવા ઇચ્છીએ છીએ. જો હું જ નૈતિક નથી, સાત્ત્વિક નથી, મારાં આચરણો જૂઠ્ઠાંણાં પર આધારિત છે તો હું મારાં સંતાનોને કેવો વારસો આપવાનો?

...ભૂંસાતી ચાલી'

મારી સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો મારા વ્યવહારો દ્વારા વ્યક્ત થાય અને એ વ્યવહારોનાં પુનરાવર્તન દ્વારા મારાં સંતાનોમાં સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતર થાય.

ચાર સભ્યોનું એક કુટુંબ સાંજના સમયે બહારના ઓરડામાં બેઠું છે. ફોનની ઘંટડી વાગી. દીકરાએ ફોન ઉપાડ્યો. પપ્પાને કહ્યું, 'તમારો ફોન.' પપ્પાએ ટીવી જોતાં જોતાં પૂછ્યું, 'કોનો ફોન છે?' દીકરાએ કહ્યું, 'આર.ડી. અંકલનો.' પપ્પાએ કહ્યું, 'કહી દે, ઘેર નથી.' બાળક ચિંતામાં પડ્યું. વિચારમાં પડ્યું. ફોન પકડી રાખ્યો. પિતાએ ધમકાવ્યો અને કહ્યું, 'ફોન પકડી ઊભો કેમ રહ્યો છે? કહી દે કે પપ્પા ઘેર નથી.' બાળકે ફોન પર કહ્યું, 'પપ્પા કહે છે કે પપ્પા ઘેર નથી.' અને ફોન મૂકી દીધો. પપ્પાએ બાળકને ફરી ધમકાવ્યું અને કહ્યું, 'અલ્યા, મને ખોટો દેખાડે છે!'

સંસ્કાર અને સંસ્કૃતિ જોઈ શકાય કે બતાવી શકાય એવી બાબત નથી. એ માત્ર ચર્ચા કરવાની, વાતો કરવાની, બડાશો મારવાની બાબત નથી. સંસ્કાર અને સંસ્કૃતિ મારાં, તમારાં વ્યવહારો દ્વારા વ્યક્ત થાય છે. જો મારે બાળકોમાં સંસ્કાર સિંચન કરવું હોય તો સૌપ્રથમ મારે નૈતિક બનવું પડે.